માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે વિશ્વ હડકવા દિનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ અને ગુજરાત વેટરનરી એસોસીએશન ગાંધીનગર દ્વારા ૨૫મી સપ્ટેમ્બર વિશ્વ હડકવા દિવસ નિમિતે જન જાગૃતિ રેલી યોજાઈ હતી. સ્કુલમાં પ્રાર્થના સભા વખતે હડકવાની માહિતી આપવામાં આવી હતી. ૬૦જેટલા બાળકોએ હડકવા વિશેની જાગૃતિ માટે પત્રિકા વિતરણ કર્યું હતું. આચાર્ય સિસ્ટર રેણુકાબેન પ્રેરણા. અને એસોસીએશનના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. હડકવાનો ભોગ બનતા ૧૫ વર્ષની ઓછી ઉંમરના બાળકો હોય છે. તેવી માહિતી દ્વારા માર્ગદર્શન આપેલ હતું.

રક્ષાશકિત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પોલીસ ભરતીમાં સફળતા પામ્યા

ગાંધીનગર, તા. ૨૮

રક્ષા શકિત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ધીરજ પારેખે તાજેતરમાં પોલીસ ભરતી પરીક્ષામાં રક્ષા શકિત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ બન્યા હોવાની જાણકારી આપતા જણાવ્યું છે કે, પોલીસ સબ ઈન્સ્પેકટરની પરીક્ષામાં આ યુનિવર્સિટીના ૧૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે અને પોલીસ કોન્સ્ટેબલની પરીક્ષામાં આ યુનિવર્સિટીના ૩૨ વિદ્યાર્થીઓ પાસ થયા છે. રક્ષાશકિત યુનિવર્સિટીના અધિકારીઓએ સફળતા પ્રાપ્ત કરેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

નહેરુ યુવા કેન્દ્રની સલાહકાર સમિતિની મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરની જિલ્લા સલાહકાર સમિતિની મીટીંગ જિલ્લા કલેકટર પી. સ્વરૂપના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ૨૦૧૨-૧૩ વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોની માહિતી નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીકાન્ત સુથારે આપી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમો, રાષ્ટ્રીય દિવસોની ઉજવણી, જનજાગૃતિ કાર્યક્રમો તથા વિવિધ કાર્યક્રમોની જાણકારી આપી હતી. ૧૮ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા યુવકોને મતદાર તરીકેની નોંધણી કરવી, કુપોષણ, ગુટખા નાબુદીની ચર્ચા કરી હતી. જિલ્લાના વિવિધ ખાતાના અધિકારીઓ હાજર રહ્યા. નહેરુ યુવા કેન્દ્રના સંયોજક રજનીભાઈ સુથારે જણાવેલ છે.

ચૌધરી કન્યા વિદ્યાલયમાં પ્રફુલ્લિત મન યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, સેકટર-૭ ખાતે યોગાચાર્ય જે.સી.પટેલના માર્ગદર્શન હેઠળ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓને તાણમુક્ત અને અભ્યાસમાં એકાગ્રતા કેળવાય તે માટે પોતાની આગવી નાટયશૈલી દ્વારા યોગ-પ્રાણાયામની અવનવી કસરતો શીખવી હતી.

કાર્યક્રમ અંતર્ગત સુદર્શન ક્રિયા પણ યોજાઈ હતી. કેળવણી મંડળના ટ્રસ્ટી મણીભાઈ ચૌધરી, આચાર્યા સંતોકબેન ચૌધરીએ કાર્યક્રમનું આયોજન કરેલ હતું.

કિડ્સ વર્લ્ડ પ્લે ગ્રૂપ ખાતે સલાડ ડેની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

એસ. બી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓએ બેંકની શૈક્ષણિક હેતુ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ-૧૧ કોમર્સની વિદ્યાર્થીનીઓ માટે બેંકની શૈક્ષણિક મુલાકાતનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાની ધોરણ-૧૧ કોમર્સની ૧૭૦ વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં ધી કાલુપુર કોમર્શિયલ કોઓપરેટીવ બેંક, સેકટર-૨૩ની શાખાની મુલાકાત લીધી હતી. શાળાના આચાર્યા સુધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી મુલાકાતમાં વિદ્યાર્થિનીઓએ બેંકની કાર્ય પ્રણાલી, ધિરાણના પ્રકારો, ડ્રાફટના પ્રકારો, લોકરની સુવિધા તેમજ એ.ટી.એમ. મશીન વિશે રસપ્રદ માહિતી બેંકના મેનેજર સંતોષભાઈ પટેલે પૂરી પાડી હતી. કાર્યક્રમને અંતે પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓએ તેમને મુંઝવતા બેંકને લગતા પ્રશ્નોની રજૂઆત કરી હતી અને સંતોષકારક જવાબ મેળવ્યા હતા. શાળાના કાર્યક્રમમાં શિક્ષકો મનુભાઈ, બાબુભાઈ, મહેન્દ્રભાઈ સહયોગી બન્યા હતાં.

બિનસરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને પગાર ખર્ચના ૧૦૦% ગ્રાન્ટ

બિનસરકારી અનુદાનિત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ફીમાંથી સંપૂર્ણ મુકિતનો નિર્ણય

ગાંધીનગર, તા.૨૮

બિનસરકારી અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓને પગાર ખર્ચના ગ્રામ્ય વિસ્તારોમાં ૯૫% અને શહેરી વિસ્તારોમાં ૮૫% ખર્ચ મંજુર કરવાની જોગવાઈ હતી. તેમાં પુનઃ વિચારણા કરી, હવેથી ગ્રામ્ય તથા શહેરી એમ બંને વિસ્તારોમાં ૧૦૦% ગ્રાન્ટ મંજુર કરવાનો તા. ૨૭-૯-૨૦૧૨ના ઠરાવથી નિર્ણય લેવામાં આવેલ છે.

સાથે સાથે વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી લેવાનું બંધ કરવાનો પણ નિર્ણય કરવામાં આવેલ છે. વિશેષમાં સને ૧૯૭૭થી જે ડેટમ ગ્રાન્ટ અને મકાન ભાડાની ગ્રાન્ટ ચુકવવામાં આવતી હતી તેને અગાઉની જોગવાઈઓ મુજબ ચાલુ રાખવાનો પણ રાજય સરકારે નિર્ણય કરેલ છે. એમ શિક્ષણમંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું.

શહેરમાં તા. ૬ જાન્યુઆરીએ સાબરમતી મેરેથોન યોજાશે

અમદાવાદ, તા. ૨૮

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી તા. ૬ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સાબરમતી મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. કુલ મેરેથોન આંતરરાષ્ટ્રીય કેટેગરીમાં પ્રથમ આવનાર પુરુષ અને મહિલા દોડવીરને રૂા. ૬ લાખ અને રાષ્ટ્રીય કેટેગરીમાં પ્રથમ આવનાર પુરુષ અને મહિલા દોડવીરને રૂા. ૧.૨૫ લાખનો પુરસ્કાર અપાશે. તેમજ હાફ મેરેથોનમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કેટેગરીમાં પ્રથમ આવનાર પુરુષ અને મહિલા દોડવીરને રૂા. ૬૧૦૦૦નો પુરસ્કાર એનાયત કરાશે. મ્યુનિસિપલ કમિશનર ડો. જી. મહાપાત્રએ કહ્યું હતું કે, મેરેથોન ચાર વિભાગમાં યોજાશે. જેમાં કુલ મેરેથોન (૪૨ કીમી), હાફ મેરેથોન (૨૧ કિમી), ડ્રીમ રન (૭ કીમી) અને રન ફોર ફીકીકલી ચેલેન્જડનો સમાવેશ થાય છે. વલ્લભસદન ખાતે સુપ્રખ્યાત ડી જે દ્વારા પરફોર્મ કરાશે અને સમગ્ર રૂટ પર ૬ જગ્યા પર સંગીત-સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ફુલ મેરેથોન : વલ્લભ સદન-જૂના વાડજ-ગાંધી આશ્રમ થી પરત-ઉસ્માનપુરા-અન્ડરબ્રિજ થઈ વિજય ચાર રસ્તા-હેલ્મેટ સર્કલ બ્રિજ નીચેથી સીધા ડ્રાઈવીન રોડ-થલતેજ-એસ. જી. હાઈવેથી આજ રૂટ ઉપરથી પરત વલ્લભસદન (૪૨.૧૯૫ કિ.મી.) હાફ મેરેથોનઃ- વલ્લભ સદન- જુના વાડજ-ગાંધી આશ્રમ થી પરત-ઉસ્માનપુરા, અન્ડરબ્રિજ થઈ વિજય ચાર રસ્તા-હેલ્મેટ સર્કલ બ્રિજ નીચેથી માનવમંદિર આગળથી આજ રૂટ ઉપરથી પરત વલ્લભસદન (૨૧.૦૯૭ કિ.મી.), ડ્રિમરનઃ- વલ્લભ સદનથી સીધા મીઠાખળી અન્ડરબ્રિજ થઈ મીઠાખળી સર્કલ જમણી બાજુ નવરંગપુરા-સ્વસ્તિક ચાર રસ્તા, સી. જી. રોડ, પરિમલ ગાર્ડન, રસાલા પાર્ક, લો ગાર્ડન, મેયર બંગલો, મીઠાખળી સર્કલ, વલ્લભસદન.

અમદાવાદમાં પ્રથમ વખત ૨૭ જાન્યુ.એ સાયકલોથોન યોજાશે

ત્રણ શ્રેણીમાં ૨૫ હજારથી ૨ લાખ સુધીના ઈનામ અપાશે

અમદાવાદ, તા. ૨૮

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી તા. ૨૭ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ પ્રથમવાર સાયકલોથોન યોજવામાં આવી છે. આ પ્રકારની સાયકલોથોન હાલમાં દેશમાં નાસિક અને પુણેમાં યોજાય છે. મ્યુનિસિપલ કમિશનર ડો. જી. મહાપાત્રએ આજે જણાવ્યું હતું કે, સાયકલોથોન ત્રણ વિભાગમાં કરાશે. જેમાં સેન્ચુરી રેસ (૧૦૫ કી.મી.) હાફ સેન્ચુરી રેલ (૪૮ કીમી) અને ડ્રીમ રાઈડ (૧૭ કીમી) નો સમાવેશ થાય છે. સેન્ચ્યુરેટ રેસ અને હાફ સેન્ચુરી રેસમાં ભાગ લેવા માટેની રજીસ્ટ્રેશન ફી રૂા. ૩૦૦ લેવાશે અને ડ્રીમ રાઈડમાં મફત ભાગ લઈ શકાશે. ઈનામની રકમ રૂા. ૨ લાખથી રૂા.૨૫ હજાર સુધીની રાખવામાં આવી છે. સમગ્ર ઈવેન્ટનો વિમો ઉતારવામાં આવશે. સમગ્ર રૂટ પર પાણી, એનર્જી, ડ્રીન્ક, એમ્બ્યુલન્સ, મેડીકલ ટીમ, વોલેન્ટીયર્સ સહીત સુવિધા પૂરી પાડવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, સાબરમતી સાયકલોથોન ૨૦૧૩નો સંભવીત રૂટ નીચે મુજબ છે. સેન્ચુરી રેસ- રિવરફ્રન્ટ વલ્લભ સદન, ઈન્કમટેક્સ સર્કલ ડાબી બાજુ વળી અન્ડરબ્રિજ પંચવટી પાંચ રસ્તા, સીએન વિદ્યાલય, નેહરૂનગર, શિવરંજની, ઈસકોન ચાર રસ્તાથી જમણી બાજુ વૈષ્ણવદેવી સર્કલ, ડાબી બાજુથી સરદાર પટેલ રિંગ રોડ, ફુલ સર્કલ સરદાર પટેલ રિંગ રોડ, વૈષ્ણવદેવી સર્કલ, સાયન્સ સિટી સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ થઈ સાયન્સ સિટી ગેટ વલ્લભસદન (૧૦૫ કિ.મી.). હાફ સેન્ચુરી રેસ : રિવરફ્રન્ટ વલ્લભસદન- ઈન્કમટેક્સ સર્કલ ડાબી બાજુ વળી અન્ડરબ્રિજ-પંચવટી પાંચ રસ્તા, સી.એન. વિદ્યાલય, નેહરુનગર, શિવરંજની-ઈસકોન ચાર રસ્તાથી જમણી બાજુ, થલતેજ વૈષ્ણવદેવી સર્કલ, ડાબી બાજુ સરદાર પટેર રિંગ રોડ, આંબલી-ડાબી બાજુ ઈસકોન સર્કલ એસજી હાઈવે, થલતેજ, સોલા ઓવરબ્રિજ, ડાબી બાજુ સાયન્સ સિટી ગેટ (૪૮ કિ.મી) ડ્રીમ રાઈડ : રિવરફ્રન્ટ વલ્લભસદન-ઈન્કમટેક્સ સર્કલ ડાબી બાજુ વળી અન્ડરબ્રિજ પંચવટી પાંચ રસ્તા, સીએન વિદ્યાલય, નેહરુનગર, શિવરંજની, ઈસકોન ચાર રસ્તાથી જમણી બાજુ થલતેજ, સોલા ઓવરબ્રિજ, ડાબી બાજુ સાયન્સ સિટી ગેટ (૧૭ કિમી)

સાબર કોલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૮

સાબર કોલેજ ઓફ એન્જીનિયરીંગના આચાર્યએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં જીટીયુ દ્વારા ગાંધીનગર ઝોનની ટેબલ ટેનિસ સ્પર્ધા સાબર એજ્યુકેશન કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં સાબર કોલેજની કુમારી જોયસ જેરવીસ ચેમ્પિયન થઈ હતી. વિજેતા ખેલાડીઓને ટ્રસ્ટી મનિષભાઈ પટેલ અને આચાર્ય તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

કીડઝી પ્લે સ્કૂલનાં બાળકો ફાર્મ હાઉસની મુલાકાતે

કીડઝી પ્લે સ્કૂલનાં બાળકોએ શુક્રવારે અંબાપુર ગામની નજીક એક ફાર્મ હાઉસની મુલાકાત લીધી હતી. સવારથી જ બાળકો એ જાણવા ઉત્સુક જણાતા હતા કે ખેતર કેવું હશે અને ત્યાં શું જોવા મળશે ? રીંગણ, મરચાં ને અન્ય શાકભાજી જોઈ બાળકો ગેલમાં આવી ગયા હતા. ખેતરમાં છોડ પર રહેલાં શાકભાજી પહેલી જ વાર જોઈને એમના ચહેરા પર રોમાંચ છવાઈ ગયો હતો. આ ઉપરાંત બાળકોએ ટ્રેક્ટર તથા હળ ઉપર પણ સવારી કરવાનો આનંદ માણ્યો હતો. ખેતી માટે ઉપયોગી પશુઓને પણ નજીકથી જોયા હતા અને તેમને ઘાસ ખવડાવવાની મઝા પણ બાળકોએ માણી હતી. ખેતી પ્રક્રિયા અને ખેતી અંગેની માહિતી બાળકોને એમની જબાનમાં ટીચર્સ દ્વારા આપવામાં આવી હતી અને બાળકોને ફન ગેમ્સ પણ રમાડવામાં આવી હતી. કુદરતી વાતાવરણમાં રમવાનો, સાથે નાસ્તો કરવાનો અને જ્ઞાન મેળવવાનો ત્રેવડો આનંદ બાળકોએ આ મુલાકાત દરમ્યાન માણ્યો હતો.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા સંગઠનના ખમતીધર મોભી : જીલુભા ધાધલ

આગવો માણસ - આપણો માણસ

- કિશોર જીકાદરા

(ગતાંકથી ચાલુ)

ગાંધીનગરમાં સૌરાષ્ટ્ર-કચ્છના માણસોની અવહેલના અને ઉચ્ચ સ્થાનોમાં કાઠિયાવાડીની ગેરહાજરીથી વ્યથિત થઈને જીલુભાએ ૨૦૦૮ની અઢારમી માર્ચે સૌરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળની સ્થાપના કરી. આજે આ મંડળ સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા સંગઠન તરીકે ઓળખાય છે. જીલુભા આ મંડળના સર્વસ્વીકૃત મોભી છે પણ અગાઉ જણાવ્યું તેમ તેમને પ્રમુખ કહેવડાવવું ગમતું નથી. તેમણે સૌરાષ્ટ્રના સરકારી ઢાંચા પૂરતો પ્રમુખનો હોદો સ્વીકારવાની સંમતિ આપી છે. જીલુભાની આ મહાનતા છે. જીલુભા કહે છે કે આ સંસ્થામાં કોઈ પ્રમુખ નથી અથવા તો સૌ પ્રમુખ છે ! તેમની વાણીની મધુરતાથી તેઓ આ સંગઠનમાં જ નહીં, સમગ્ર શહેરમાં લોકચાહનાને પ્રાપ્ત કરી શક્યા છે ! સંબંધો બાંધવાની કળાના માહેર અને સંબંધો નિભાવવામાં પાછીપાની કરે તેવા નથી. શહેરની નામી હસ્તીઓ સાથે અંગત ઓળખાણ અને ઘનિષ્ટ સંબંધોને કારણે તેઓ સંગઠનની પ્રવૃત્તિઓ માટે આવશ્યકતા મુજબનું દાન મેળવી શકે છે. પોતે કર્મઠ છે, ચેરીટી બિગીન્સ એટ હોમ. તે આનું નામ ! તેઓ ડાહ્યા માણસ છે, તે જાણે છે કે મીઠાં ઝાડના મૂળ ન ખોદાય. તેથી એકની એક વ્યક્તિ પાસેથી તેઓ વારંવાર દાન માટે જતા નથી. પોતે નખશિખ ઈમાનદાર છે. ઓછામાં ઓછા વહીવટી ખર્ચે તેમની સંસ્થા ચાલે છે. સંસ્થાના સૈનિકોની સ્વયંશિસ્તને કારણે કાર્યક્રમમાં સિક્યુરિટીની વ્યવસ્થા કરવી પડતી નથી. કાર્યક્રમોના આયોજનમાં તેમની વહીવટ કુશળતા અને કોઠાસૂઝ અન્ય સભ્યો માટે દાખલારૂપ બની રહે તેવી છે. કોઈપણ મંડળને આવા સર્વગુણસંપન્ન આગેવાન મળવાનું ગૌરવ હોય જ ! ગાંધીનગરની અન્ય સેવા સંસ્થાને જીલુભા અંગત રીતે નાનીમોટી રકમ દાનભેટ તરીકે આપી દે પણ તેની પહોંચ સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવાના નામે મેળવે. ઉદારતા તે આનું નામ ! પોતાની સંસ્થાને આ રીતે ઉજળી કરી દેખાડનાર જીલુભા જેવા આગેવાન આપણા શહેરમાં કેટલા ? રચનાત્મક વિચારોનું અદ્‌ભૂત ભાથું ધરાવતા તેઓ રક્તદાનની પ્રવૃત્તિ પ્રત્યે સતત સજાગ રહ્યા છે. આજસુધીમાં તેમણે વિભિન્ન સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે એક બે નહીં, પૂરા બાવીસ રક્તદાન કેમ્પોનું સફળ આયોજન કરી અનેક દર્દીઓની જિંદગી બચાવવાનું પુણ્યશાળી કાર્ય કર્યું છે. થેલેસેમિયાના દર્દીઓ માટે એક કેમ્પમાં ઓછામાં ઓછી ૧૦૮ બોટલ રક્ત એકત્રિત કરવાનો સંકલ્પ તેમણે એક નહીં, અનેકવાર પાર પાડ્યો છે. નિયમિત રક્તદાતાના નામ સરનામા અને સંપર્ક નંબર દર્શાવતી ડિરેક્ટરી બહાર પાડીને તેઓએ પોતાની સંસ્થા દ્વારા સમાજસેવાની ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. તેઓ જીવદયા પ્રેમી છે. અખિલ ભારતીય સર્વદલીય ગૌરક્ષા મહાઅભિયાન સમિતિના તેઓ પ્રમુખ છે. મધરાતની મીઠી નીંદર કરતાં તેમને અબોલ પશુઓ વધુ વ્હાલા છે. કતલખાને લઈ જવાતા ઢોરોનું જે માર્ગેથી પરિવહન થવાનું હોય ત્યાં રસ્તો રોકવા તેઓ સાથીદારો સાથે દોડી જાય છે. સશસ્ત્ર હુમલાના ભય વચ્ચે પણ પોતાના પ્રાણની પરવા કર્યા વિના તેમણે આજસુધીમાં ૧૭૦૦ અબોલ પ્રાણીઓને કતલખાને જતા બચાવ્યા છે. તાજેતરમાં તેમના રહેઠાણ પાસે એક વાનર વાહન તળે કચડાઈને મોતને શરણ થયું. મૃત ઢોરોને ઉપાડી જતી સંસ્થા-કોન્ટ્રાક્ટરને ફોન કર્યા. નીંભર તંત્ર જાગ્યું નહીં. તેઓએ જાતે ખાડો ખોદી મૃત વાનરની દફનવિધિ કરી દીધી. તેઓ ઘાયલ અને માંદા પશુપક્ષીની સારવાર મફત કરાવે છે. સરકારના વૃક્ષારોપણ કાર્યક્રમમાં તેઓ અને તેમની ટીમની સક્રિયતા અને રોપણ બાદ ઉછેરની ખેવના સાચા વૃક્ષપ્રેમી હોવાની સાબિતી આપે છે. તેઓ ધર્મપરાયણ છે. ચાર રામપારાયણ અને બે ભાગવત સપ્તાહો યોજી છે. એક હાથે કરેલાં દાનની તેઓ બીજા હાથને ખબર પડવા દેતા નથી. ગૌશાળા, અનાથઆશ્રમો અને વૃધ્ધાશ્રમો તેમના ગુપ્ત દાનક્ષેત્રો છે. જીલુભાએ તો પોતાના વતન વાવડીના સ્મશાનમાં નાત જાત કે ધર્મના બાદ વિના કોઈપણ મૃત્યુ પ્રસંગે પોતાના ખર્ચે લાકડાં આપવાની સેવા ૧૯૯૭થી શરૂ કરી છે. સાજા સારાની સેવા તો સૌ કરે, પાગલની સેવા કરવાનું પાગલપન કોણ કરે ? આપણા જીલુભાને આવું ગાંડપણ કરવામાં પણ આનંદ આવે છે ! મોટા ભોજન સમારંભ પ્રત્યે વધી પડેલા ભોજનને લઈ જવા માટે જીલુભા અને નિલેન્દુ વોરાની સેવા પ્રસંશનીય છે. વધેલી રસોઈ લઈ જવા માટે ફોન આવે ત્યારે તેઓ ખુદ જમતા હોય તો પોતાનું જમવાનું ચોડી, વાહનમાં ખાલી વાસણો લઈને સ્થળ પર દોડી જાય છે. વધેલી રસોઈ, ઝૂંપડપટ્ટીના ગરીબોમાં તો ક્યારેય મુકબધિર શાળા, વિશિષ્ટ બાળકોની સંસ્થા, વૃધ્ધાશ્રમ, કે અંધશાળાના બાળકોને પહોંચાડી રાંધેલા ધાનનો સદુપયોગ કરી લે છે.

તેઓ નીડર પત્રકાર છે. અન્યાય સામે અવાજ ઊઠાવતા તે ડરતા નથી. તેઓ માને છે અહમ અને સમાજસેવા બંને સાથે સંભવી ન શકે ! જનસામાન્યના હિત માટે જરૂર પડ્યે નમ્ર અવાજને તેઓ ઊંચો પણ કરી જાણે છે. બીજા પાસેથી કામ લેવા માટે તેઓ પોતાના દિલનો ઉપયોગ કરે છે અને જાત પાસેથી કામ લેવા પોતાના દિમાગનો ઉપયોગ કરે છે. કોઈપણ કામમાં સો ટકા સ્વાર્પણને કારણે તેઓ હંમેશા સફળતાને વર્યા છે. સંગઠનના સભ્યોના બાળકોને પ્રોત્સાહિત કરવા પ્રતિ વર્ષ સરસ્વતી સન્માન કાર્યક્રમ અંતર્ગત તેજસ્વી તારલાઓને સન્માનવાની તક તેઓ અને તેમની ટીમ ચૂકતા નથી. સતત માનસિક તાણ વચ્ચે જીવતા પરિવારોને હળવાફૂલ રાખવાની ચિંતા પણ તેઓ કરે છે. અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે લોકડાયરા, નાટક, ગીતસંગીત, હાસ્યદરબાર, ગરબા જેવા મનોરંજક સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત સ્નેહમિલન વખતે કાઠિયાવાડી ભોજન જમાડીને સંગઠનના પરિવારોને પ્રફુલ્લિત રાખે છે. નવા વર્ષે મુહૂર્ત કરવાની પરંપરા તેમની સંસ્થાએ જાળવી રાખી છે. ગરીબોને મીઠાઈ વૃધ્ધાશ્રમના વડીલોને ગરમ શાલ અને ગાયોને ઘાસચારો આપીને તેઓ વર્ષભરની સેવાના શ્રીગણેશ કરે છે !

જીલુભાના શોખ પણ રાજઘરાનાને છાજે તેવા રહ્યા છે. તેઓ કુશળ ઘોડેસવાર હોવા ઉપરાંત રાઈફલ શૂટીંગમાં પાવરધા છે. તેઓ વિવિધ નસલના અશ્વો અને ગીર ગાયો રાખવાના શોખીન છે. તેઓ કહે છે કે ગાય માતા છે, હું માતાને વેચવાના મતનો નથી ! સાત જેટલા સફળ ભવ્ય અશ્વ શો યોજીને તેઓએ ગુજરાતની જનતા અને અશ્વશોખીનોને એક સમયે આશ્ચર્યમાં નાંખી દીધા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલા અશ્વ શો દરમ્યાન એક ઘોડી અકસ્માતે મૃત્યુને ભેટી. મોટે ભાગે અશ્વોને થતાં નુકશાનની જવાબદારી ભાગ લેનાર અશ્વ માલિકની ગણાય છતાં સંસ્થા મારફત તે અશ્વપાલને નવી ઘોડી ખરીદવા રૂ. એક લાખ વીસ હજાર આપીને કળિયુગમાં સતયુગની યાદ તાજી કરી બતાવી.

જીલુભા સાચા મુક સેવક છે. તેઓ નમ્રપણ કહે છે કે ગાંધીનગરના આગવા માણસ કહેવડાવવા જેટલી લાયકાત હજુ સુધી તેઓ કેળવી શક્યા નથી. આ લેખ લખવા માટે જીલુભાએ કચવાતા મને સંમતિ આપી છે. મેં જીલુભાના આત્મીય મિત્ર પાસેથી આ વિગતો જાણીને આ લેખ લખવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

અગર જો મર્તબાં ચાહે, મિટા દે અપની હસ્તી કો, કિ દાના ખાક મેં મિલકર ગુલે ગુલઝાર હોતા હૈ.